# જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, સુરત શહેર

પહેલો માળ, જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧

E-mail :- dydo-syc-srt@gujarat.gov.in

ક્રમાંક:-જિ.યુ.સા.પ્ર/યુવા ઉત્સવ/૩૭૧૨થી૩૯૯૯/૨૦૨૩-૨૪ તા.:- ૦૩/૦૯/૨૦૨૪

પ્રતિ,

(૧) આચાર્યશ્રી માધ્યમિક/ઉ.મા.શાળાઓ, તમામ સુરત શહેર.

(૨) પ્રિન્સિપાલશ્રી, આર્ટ્સ/કોમર્સ/સાયન્સ/કૃષિ કોલેજો તથા અન્ય ફેકલ્ટી કોલેજો, તમામ સુરત શહેર.

(૩) સ્વામી વિવેકાનંદ યુવા મંડળ, તમામ સુરત શહેર.

**<u>વિષય:- મહાનગરપાલિકા કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૨૩-૨૪નો વિગતવાર કાર્યક્રમ મોકલવા બાબત.</u>**

**સંદર્ભ: કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના તા.૨૦/૦૭/૨૦૨૪ના પત્ર ક્રમાંક: ક્રમાંક:- યસપ/યબઅ/તા.જિ.યુ.ઉ/૨૦૨૪-૨૫-૯૮૩૩-૯૮૬૭ અન્વયે.**

જયભારત સહ ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષે સુરત મહાનગરપાલિકા કક્ષાનો "યુવા ઉત્સવ" અત્રેની કચેરી દ્વારા **આર.વી.પટેલ કોલેજ, છાપરાભાઠા રોડ, અમરોલી, સુરત ખાતે તા.૦૮/૦૯/૨૦૨૪ ને રવિવાર ના રોજ સવારે ૦૮:૦૦ કલાકે** યોજાનાર છે.

વધુમાં જણાવવાનું કે, ઝોન કક્ષાએ યોજાયેલ ૧૫ કૃતિઓ (સમુહગીત, એકપાત્રીય અભિનય, ભજન, હળવું કંઠ્ય-સંગીત, નિબંધ, ગઝલ શાયરી લેખન, પાદપૂર્તિ, વકતૃત્વ, લોકવાદ્ય સંગીત, લગ્નગીત, લોકવાર્તા, દોહા છંદ, ચોપાઇ, ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી, કાવ્યલેખન) માં પ્રથમ નંબરે વિજેતા થયેલ કલાકારો/સ્પર્ધકો તથા સીધી જિલ્લાકક્ષાની ૧૮ કૃતિઓ (લોકનૃત્ય, એકાંકી(હિન્દી/અંગ્રેજી), લોકગીત, શિઘ્ર વકતૃત્વ (હિન્દી/અંગ્રેજી), શાસ્ત્રીય કંઠ્ય સંગીત(હિન્દુસ્તાની), તબલા, હાર્મોનિયમ(હળવું), ગિટાર, સિતાર, મૃદંગમ, વાંસળી, વીણા, શાસ્ત્રીય કંઠ્ય સંગીત(કર્ણાટકી), ભરતનાટ્યમ, કથ્થક, ઓડીસી, મણિપુરી, કુચીપુડી) ની સ્પર્ધામાં અત્રેની કચેરી ખાતે અગાઉથી પ્રવેશપત્રો(ફોર્મ) જમા કરાવેલ સ્પર્ધકો/કલાકારો ભાગ લઈ શકશે.

બિડાણ:- જિલ્લા કક્ષા યુવા ઉત્સવ ૨૦૨૪-૨૫ નો વિગતવાર કાર્યક્રમ દર્શાવતુ પત્રક.

જિલ્લા યુવા વિકાસ અધિકારી
સુરત

**સવિનય નકલ રવાના જાણ સારૂ**

(૧) માન.કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર.

(૨) માન. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુ.મ.ન.પા.

(૩) માન. કલેકટરશ્રી, સુરત

(૪) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત

**નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી કરવા સારૂ.**

૧) આચાર્યશ્રી, આર.વી.પટેલ કોલેજ, છાપરાભાઠા, અમરોલી, સુરત.

૨) તમામ ઝોન કન્વીનરશ્રી, ઝોન કક્ષાના પ્રથમ વિજેતાને જાણ કરવા સારૂં.

## સુરત મહાનગરપાલિકા કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૨૪-૨૫નો વિગતવાર કાર્યક્રમ
## સ્પર્ધા તારીખ : ૦૮/૦૯/૨૦૨૪ - રવિવાર
## સ્પર્ધા સ્થળ : આર.વી.પટેલ કોલેજ, છાપરાભાઠા રોડ, અમરોલી, સુરત

| વિભાગ | વય મર્યાદા (ઉંમર-વય મર્યાદા તા:૩૧/૧૨/૨૦૨૪ ને ધ્યાને રાખવી) | રીમાર્ક્સ |
|---|---|---|
| અ - વિભાગ | ૧૫ વર્ષથી ઉપરના અને ૨૦ વર્ષ સુધીના | ૩૧/૧૨/૨૦૦૪ થી ૩૧/૧૨/૨૦૦૯ વચ્ચે જન્મેલા |
| બ - વિભાગ | ૨૦ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના | ૩૧/૧૨/૧૯૯૫ થી ૩૦/૧૨/૨૦૦૪ વચ્ચે જન્મેલા |
| ખુલ્લો વિભાગ | ૧૫ વર્ષથી ૨૯ વર્ષ સુધીના | ૩૧/૧૨/૧૯૯૫ થી ૩૧/૧૨/૨૦૦૯ વચ્ચે જન્મેલા |

| ક્રમ | સ્પર્ધાનું નામ | વિભાગ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| 1 | ભજન | ખુલ્લો | સવારે 8:00 કલાકે | ગ્રાઉન્ડ સ્ટેજ |
| 2 | લગ્નગીત | બ | ક્રમશ: | |
| 3 | લોકગીત | ખુલ્લો | ક્રમશ: | |
| 4 | હળવું કંઠ્ય સંગીત | અ/બ | સવારે 8:00 કલાકે | ઓડિટોરિયમ |
| 5 | સમુહગીત | ખુલ્લો | ક્રમશ: | |
| 6 | લોકનૃત્ય | ખુલ્લો | સવારે 10:30 કલાકે | |
| 7 | વક્તૃત્વ | અ/બ | સવારે 8:00 કલાકે | રૂમ નં. 15 ત્રીજો માળ |
| 8 | શીઘ્ર વક્તૃત્વ | ખુલ્લો | ક્રમશ: | |
| 9 | એકપાત્રીય અભિનય | અ/બ | ક્રમશ: | |
| 10 | નિબંધ લેખન | અ/બ | સવારે 8:00 કલાકે | રૂમ નં. 11 બીજો માળ |
| 11 | પાદપૂર્તિ | બ | સવારે 8:00 કલાકે | |
| 12 | ગઝલ શાયરી લેખન | બ | સવારે 8:00 કલાકે | |
| 13 | કાવ્ય લેખન | બ | સવારે 8:00 કલાકે | |
| 14 | ચિત્રકલા | અ/બ | સવારે 08:00 કલાકે | બીજો માળ લોબી |
| 15 | સર્જનાત્મક કારીગરી | ખુલ્લો | સવારે 08:00 કલાકે | |
| 16 | દોહા-છંદ-ચોપાઈ | બ | સવારે 08:00 કલાકે | રૂમ નં. 12 બીજો માળ |
| 17 | લોકવાર્તા | ખુલ્લો | ક્રમશ: | |
| 18 | લોકવાદ્ય સંગીત | અ/બ | ક્રમશ: | |
| 19 | તબલા | ખુલ્લો | સવારે 8:00 કલાકે | રૂમ નં. 10 બીજો માળ |
| 20 | મૃદંગમ | ખુલ્લો | ક્રમશ: | |
| 21 | હાર્મોનિયમ | ખુલ્લો | ક્રમશ: | |
| 22 | વાંસળી | ખુલ્લો | ક્રમશ: | |
| 23 | ગિટાર | ખુલ્લો | ક્રમશ: | |
| 24 | સિતાર | ખુલ્લો | ક્રમશ: | |
| 25 | વીણા | ખુલ્લો | ક્રમશ: | |
| 26 | શાસ્ત્રીય કંઠ્ય સંગીત(હિન્દુસ્તાની) | અ/બ | ક્રમશ: | |
| 27 | શાસ્ત્રીય કંઠ્ય સંગીત-કર્ણાટકી | ખુલ્લો | ક્રમશ: | |
| 28 | ભરતનાટ્યમ | અ/બ | સવારે 8:30 કલાકે | ડોમ |
| 29 | કથક | અ/બ | ક્રમશ: | |
| 30 | ઓડિસી | ખુલ્લો | ક્રમશ: | |
| 31 | શાસ્ત્રીય નૃત્ય મણિપુરી | ખુલ્લો | ક્રમશ: | |
| 32 | શાસ્ત્રીય નૃત્ય કુચીપુડી | ખુલ્લો | ક્રમશ: | |
| 33 | એકાંકી | ખુલ્લો | સવારે 11:30 કલાકે | ઓડિટોરિયમ |

| કન્વીનરશ્રી | કચેરી સંપર્ક નંબર |
|---|---|
| શ્રી હેમાંગભાઇ વ્યાસ<br>મો. 94277 92678 | શ્રી હિમતકુમાર કાપડી (પ્રા.યુ.વિ.અ.)<br>મો. 94289 81188<br>શ્રી વિપુલભાઇ સાધુ (પ્રા.યુ.વિ.અ.)<br>મો. 91060 83198 |

**ખાસ સૂચના:-**

- તમામ સ્પર્ધક, સહાયક, શાળા અને સંસ્થાઓએ સ્પર્ધા સ્થળે સવારે ૦૭-૦૦ થી ૦૮-૦૦ કલાક દરમિયાન રૂબરૂ હાજર રહી રિપોર્ટીંગ કરાવવું. સ્પર્ધકે રિપોર્ટીંગ કરાવ્યા બાદ પોતાની કૃતિની રજૂઆતના સ્થળે સ્પર્ધા પુર્ણ થયા સુધી ફરજીયાત હાજર રહેવું. સમયસર હાજર ન રહેનાર સ્પર્ધક કે સંસ્થાની કોઇ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ. દરેક સ્પર્ધકે પોતાનું અસલ ફોટો આઈડી અવશ્ય સાથે રાખવું.
- એક કરતાં વધારે સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેવા સ્પર્ધકે અન્ય સ્પર્ધાનાં સ્થળે નિર્ણાયકશ્રીઓને જાણ કરવાની રહેશે. એકવાર પરિણામ બની ગયા પછી કોઈપણ પ્રકારની દલીલ સાંભળવામાં આવશે નહીં.
- રજુઆતને લગતા સંગીત વાદ્યો તથા સહાયકોની વ્યવસ્થા સ્પર્ધકે પોતે કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. પરિણામ બાબતે કોઇ તકરાર કે દલીલ કરી શકાશે નહીં કે કોર્ટમાં પડકારી શકાશે નહીં.
- સ્પર્ધા સ્થળે પ્રાપ્ત વ્યવસ્થાઓનો જ ઉપયોગ કરવામાં આવશે. નવેસરથી કોઈપણ ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે નહીં.
- તમામ સ્પર્ધકે પોતાની જન્મતારીખ પ્રમાણે લાગુ પડતા વિભાગમાં જ ભાગ લેવાનો રહેશે. સ્પર્ધાના કોઈપણ તબક્કે ખોટા વિભાગમાં ભાગ લીધેલ હોવાનું માલુમ પડ્યેથી જે-તે સ્પર્ધકને તે સ્પર્ધામાંથી રદ-બાતલ કરવામાં આવશે. જે બાબતે સ્પધક કે શાળા/સંસ્થાની કોઈપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહી.
- કોલેજ કેમ્પસમાં કોઈપણ પ્રકારની નુકસાની કરવી નહીં, તેમજ ગંદકી કરવી નહીં.
- વક્તૃત્વ સ્પર્ધાના વિષયો સ્પર્ધાના ૨૪ કલાક પહેલાં શ્રી હિમતભાઈ કાપડી મો. 94289 81188, શ્રી વિપુલભાઈ સાધુ મો. 91060 83198 પાસેથી મેળવી લેવાના રહેશે.

જિલ્લા યુવા વિકાસ અધિકારી
સુરત